## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર- ૨૦૧/૨૦૨૨

## ધોળકા ટાઉન ગુના રજીસ્ટ્રેશન નંબર ૧૧૧૯૨૦૨૦૨૨૦૫૨૦/૨૦૨૨

**અરજદારઃ- માનસિંહ બીશનસિંહ પરમાર**

વિરુદ્ધ

**સામાવાળાઃ- શ્રી સરકાર**

ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૪૫૧ અતર્ગત મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ

સદર કામે અરજદાર દ્ધારા ધોળકા ટાઉન ગુના નંબર ૧૧૧૯૨૦૨૦૨૨૦૫૨૦/૨૦૨૨ મુજબ અરજદારની માલીકીની કબજાભોગવટાની ટાટા મોટર્સ લી. કંપનીની ટાટા એલ.ટી.પી. ૩૧૧૮ સી.આર.બી.એસ iv જેનો આર.ટી.ઓ રજી. નંબર RJ22GB1915 તથા ચેચીઝ નંબર MAT466621JN29559 તથા એન્જીન નંબર 81k84833366 જે આર.ટી.ઓમાં અરજદારના પીતાશ્રી બીશનસિંહ પરમાર ના નામે રજીસ્ટર થયેલ છે જે સદરહુ વાહનના અરજદારના પિતા કાયદેસરના માલીક અને કબજેદાર છે. અને તા. ૦૮/૦૫/૨૦૧૯ ના રોજ અરજદારના પિતાશ્રીએ અરજદારને સદરહુ વાહન અંગે જનરલ પાવર ઓફ એટર્ની આપેલ છે જે આ કામે રજુ રાખેલ છે. સદર હુ મુદ્દામાલ ધોળકા પો.સ્ટે. ગુના નંબર ૧૧૧૯૨૦૨૦૨૨૦૫૨૦/૨૦૨૨ ના કામે ઈપીકો કલમ ૪૨૦ , ૧૧૪ તથા જરૂરી ચીજ વસ્તુઓ અધિનિયમની કલમ ૩,૭ તથા ફર્ટીલાઈઝર કંટ્રોલ ઓર્ડર અધિનિયમની કલમ ૫ મુજબ ફરીયાદના કામે આ વાહન આરોપી માનસિંહ બીશનસિંહ પરમાર પાસેથી કબજે કરેલ છે. જેથી હાલની આ અરજી અત્રેની અદાલત સમક્ષ મુદ્દામાલ પરત મેળવવા સારુ કરવામાં આવેલ છે સદર અરજી બાબતે મુખ્ય કારણો એવા છે કે, સદર મુદ્દામાલ ટ્રક અરજદારના ધંધાકીય ઉપયોગ માટેનુ છે અને તેમના રોજીંદા વપરાશના હેતુ માટેનુ એક માત્ર સાધન છે અને સદર વાહન છોડવામાં ન આવે તો અરજદારનો ધંધો ભાગી જાય તેમ છે અને અરજદારને અત્યંત નુકશાન જાય તેમ છે તેમજ વાહન છોડવામાં ન આવે તો અને વધુ સમય પો.સ્ટે રાખવામાં આવે તો તેના ટાયર , ટ્યુબ , બેટરી , ઈલે. તેમજ મીકેનીકલ સ્પેરપાર્ટસને નુકશાન જાય તેમ છે અને પડ્યુ પડ્યુ વાહન બગડી જાય તેમ છે જેથી સદર વાહનને પરત આપવા માટે અરજી કરેલ છે ઉપરાંત વાહન પરત આપવાથી કોઈ સદર ગુનાના કામે

ત.ક.અમલદારને નુકશાન જાય તેમ નથી.

સદર વાહન પરત મેળવવાની અરજી બાબતે ત.ક.અમલદારને નોટીસ કરતા તેઓએ તેમના અભિપ્રાય સાથે મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ અને મુદ્દામાલ બાબતે અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે જે જોતા સદર વાહનનો ઉપયોગ ક્રુભકો કંપનીની ડી.એ.પી. ૫૦ કીલો વજનની થેલીઓ નંગ ૩૦૦ તેમજ આઈ.પી.એલ ડી.એ.પી ઇન્ડીયા પોટાશ લી. ૫૦ કીલો વજનની કુલ ૨૦૦ એમ ખાતરની ૫૦ કીલોની બોરીઓ નંગ ૫૦૦ રૂપીયા ૮ લાખ ૨૫ હજારની કીમતની સદર વાહનમાં લઈને જતા અને સદર ખાતર અંગેના બીલ આધાર પુરાવા ડ્રાયવર ગજારામ હીમથારામ જાટ પાસે ન હોવાનુ જણાવતા જે મુદ્દામાલ સબસીડી વાળો હોય અને જરૂરી આધાર પુરાવા ડ્રાયવર પાસે ન હોય પોલીસ દ્વારા ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ અને આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ ૩,૭ તથા ફર્ટીલાઈઝર કંટ્રોલ ઓર્ડર કલમ ૫ અન્વયે ગુનો દાખલ કરી સદર મુદ્દામાલ કબજે કરેલ અને સદર મુદ્દામાલ સાથે હાલનો ટ્રક મુદ્દામાલ પરત મેળવવા માટે ટ્રક નંબર RJ22GB1915 પણ કબજે કરેલ અને સદર મુદ્દામાલ વાહનનો આ ગુનામાં ઉપયોગ થયેલ હોય તે પરત નહી આપવા ત.ક.અમલદાર શ્રીનો સ્પષ્ટ અભિપ્રાય અત્રેની અદાલત સમક્ષ આવેલ છે.

સદર મુદ્દામાલ પરત મેળવવાની અરજી સાથે અરજદાર દ્વારા સદર મુદ્દામાલની આર.સી બુકની નકલ તથા અરજદારને આપેલ પાવર ઓફ એટર્ની તેમજ આરોપી પાસેથી જે ટ્રક કબજે કરેલ છે તેનુ નો ઓબ્જેક્શન સર્ટીફીકેટ સદર કામે અરજદારે સામેલ રાખેલ છે.

સદર કામે જે ગુના સબબ મુદ્દામાલનો ઉપયોગ થયેલ છે. તે મુદ્દામાલ સરકાર દ્વારા ખેડુતોના ઉપયોગ માટે સબસીડી પ્રાપ્ત મુદ્દામાલ છે. અને તે આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ ૪,૫ અંતર્ગત આવરી લીધેલ મુદ્દામાલ છે. હવે સદર અરજીના ન્યાયીક નીરાકરણમાં આવશ્યક ચીજ વસ્તુ ધારા ૧૯૫૫ ની કલમ ૬ (ઈ) લક્ષમાં લેવામાં આવે તો , Bar of jurisdiction in certain cases,- Whenever any essential commodity is seized in pursuance of an order made under Section 3 in relation thereto, or any package, covering or receptacle in which such essential commodity is found, or any animal, vehicle, vessel or other conveyance used in carrying such essential commodity is seized pending confiscation under Section 6A, the Collector,

or, as the case may be, the State Government concerned under section 6C shall have, and, notwithstanding anything to the contrary contained in any other law for the time being in force, any court, tribunal or other authority, shall not have, jurisdiction to make orders with regard to the possession, delievery, disposal, release or distribution of such essential commodity, package, covering, receptacle, animal, vehicle, vessel or other conveyance.

આમ, સદરહુ કાયદામાં કોઈ ન્યાયાલય ટ્રીબ્યુનલ અથવા બીજા સત્તા અધિકારીને આવી મિલકત અને તેના પેકેજીંગ આચ્છાદન પશુ વાહનો કે અન્ય વાહનોનો કબજો , સોંપણી , નિકાલ મુક્ત કરવા અથવા વહેંચણી સંબંધે હુકમો કરવાની હકુમત રહેશે નહી આવુ સ્પષ્ટ જણાવેલ છે અને યથા પ્રસંગે કલેક્ટર અથવા સદર કાયદાની કલમ ૬ (સી) અન્વયે જણાવેલ સંબંધીત રાજ્ય સેવકને સદર પશુ વાહનનો કબજો , સોંપણી , નિકાલ અથવા વહેંચણીના સંબંધે હુકમો કરવાની હકુમત રહેશે આમ , આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ ૬(ઈ) ને લક્ષમાં લેતા અત્રેની અદાલતને સદર મુદ્દામાલ વાહન પરત સોંપવા પરત્વે કોઈ જ સત્તા ઓ રહેલ ન હોવાનુ સદર કાયદા પરથી સ્પષ્ટ રીતે સાબીત થાય છે. જેથી જ્યારે અત્રેની અદાલતને મુદ્દામાલ વાહન છોડવા અંગેની સત્તાઓ જ રહેલ ન હોય ત્યારે સદર મુદ્દામાલ વાહન અરજદારને પરત સોંપવુ ન્યાયોચીત જણાતુ ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની સી.આર.પી.સી કલમ ૪૫૧ અન્વયે મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં ૧૭ નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એચ. એસ. લાંગા)
એડી. ચીફ. જ્યુ. મેજી. ધોળકા.
**યુનીક કોડ નં. જી.જે.૦૧૦૦૦**